Sandesh (Suppl.: Ahmedabad Purva/Citylife)

EDII

July 26, 2023
Pg.5

# ચોક્કસ મોડ્યુલ અથવા વિષયો શીખવવા માટે NIFT અને EDII ફેકલ્ટી શેરિંગ કરશે

**ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા NIFT ગાંધીનગર અને EDII વચ્ચે MoU થયા**

**સિટી લાઇફ ।** વિદ્યાર્થીઓમાં ઈનોવેશન અને આંત્રપ્રિન્યોરશિપને પ્રોત્સાહન આપવા માટે ગાંધીનગર સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન એન્ડ ટેક્નોલોજી(NIFT) અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII) વચ્ચે એજ્યુકેશન MoU સાઈન કરાયા હતા.

## નિફ્ટમાં આજે સેલિબ્રિટી ડિઝાઈનર સૂકેત ધીરની ટોક યોજાશે

નિફ્ટ ગાંધીનગર ખાતે આજથી નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવનાર ફ્રેશર્સ સ્ટુડન્ટ્સ માટે ઓરિયેન્ટેશન પ્રોગ્રામ યોજાશે. નિફ્ટ ગાંધીનગરના ડાયરેક્ટર સમીર સૂદ દ્વારા ફ્રેશર્સ સ્ટુડન્ટ્સનું વેલકમ કરાશે. આ સાથે ઈનોગ્રેશન ફંક્શનમાં સેલિબ્રિટી ફેશન ડિઝાઈનર સૂકેત ધીર હાજરી આપીને વિદ્યાર્થીઓની સાથે ફેશન ટેન્ડ સેટર કેવી રીતે બની શકાય અને ફેશન આઈડિયા જનરેટ કેવી રીતે કરી શકાય તે વિશે માહિતી આપશે.

## એમઓયુ હેઠળ આ પાંચ સેક્ટરમાં કામ કરશે

**1** **સ્ટુડન્ટ ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ્સ :** NIFT ગાંધીનગર અને EDII ગાંધીનગર બંને ડિઝાઈન, મેનેજમેન્ટ અને ટેક્નોલોજી શાખાના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ્સ, કન્સલ્ટન્સી અને અન્ય સંયુક્ત કસરતોમાં જોડશે, તેમને મૂલ્યવાન વાસ્તવિક દુનિયાના અનુભવો પ્રદાન કરશે.

**2** **ફેકલ્ટી શેરિંગ :** સંસ્થાઓ પરસ્પર કરાર અને ઉપલબ્ધતાના આધારે ચોક્કસ મોડ્યુલ અથવા વિષયો શીખવવા માટે ફેકલ્ટી સભ્યોને મુલાકાતી ફેકલ્ટી તરીકે વિનિમય કરશે. વિઝિટિંગ ફેકલ્ટી સભ્યોને યજમાન સંસ્થાના પ્રવર્તમાન ધોરણો મુજબ વળતર આપવામાં આવશે.

**3** **ઇન્ફ્રાસ્ટ્રક્ચર શેરિંગ :** NIFT અને EDII લેબોરેટરીઓ, લાઇબ્રેરીઓ અને ઇન્ક્યુબેશન સેન્ટરો શેર કરવા, વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓ વધારવામાં સહયોગ કરશે.

**4** **૪. જોઈન્ટ સ્ટુડન્ટ ફિલ્ડ ટ્રિપ્સ :** બંને સંસ્થાઓ વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટિકલ એક્સપોઝર મેળવવા અને કારીગરો અને માઇક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝિસ (MSME)માં યોગદાન આપવા માટે સંયુક્ત ફિલ્ડ ટ્રિપ્સનું આયોજન કરશે.

**5** **વૈવિધ્યપૂર્ણ તાલીમ કાર્યક્રમો :** બંને સંસ્થાઓના ફેકલ્ટી સભ્યો તેમની શિક્ષણ કૌશલ્ય અને કુશળતાને વધારતા, વૈવિધ્યપૂર્ણ તાલીમ કાર્યક્રમોમાંથી પસાર થશે.

**6** **સંયુક્ત પ્રોજેક્ટ સહયોગ :** NIFT અને EDII સરકારી અને ઔદ્યોગિક પ્રોજેક્ટ માટે સંયુક્ત સાહસો સહિત પ્રોજેક્ટ્સની ઓળખ અને વિકાસમાં સહયોગ કરશે.

**7** **સ્ટાર્ટ-અપ્સ માટે સમર્થન :** એમઓયુનો હેતુ બંને સંસ્થાઓ તરફથી સમર્થન અને માર્ગદર્શન આપીને વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટ-અપ પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવાનો છે.

**8** **ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન :** વિદ્યાર્થીઓ અને ઉચ્ચ શિક્ષણના કેન્દ્રોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે NIFT અને EDII સાથે મળીને કામ કરશે.

**9** **ફેશન આંત્રપ્રિન્યોરશિપ અભ્યાસક્રમો :** તેમની સંબંધિત કુશળતાનો ઉપયોગ કરીને, સંસ્થાઓ સંયુક્ત રીતે ફેશન સાહસિકતા અને સંબંધિત ક્ષેત્રો પર અભ્યાસક્રમો ઓફર કરશે.